હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટનાં એરપોર્ટ ટી સર્કલ થી એરપોર્ટની અંદર સુધીનો વિસ્તાર "નો-પાર્કિંગ ઝોન" જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટનાં એરપોર્ટ ટી સર્કલ થી એરપોર્ટની અંદર સુધીના વિસ્તારમાં ટ્રાફીક સમસ્યા હળવી કરવા તેમજ તેનો કાયમી ઉકેલ લાવવા એરપોર્ટ ટી સર્કલ થી ડોમેસ્ટીક/ઈન્ટરનેશનલ એરપોર્ટના તમામ રસ્તા પર વાહન પાર્ક કરવા નહી તેમજ તે રૂટ પર વાહનો ઉભા રહેવા કે પાર્કિંગ થવા દેવા જોઈએ નહી તે રીતનો પ્રતિબંધ લાદવો જરૂરી છે. જેથી નીચે જણાવેલ સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આવેલ વિસ્તાર/રોડને "નો-પાર્કિંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

૧) એરપોર્ટ સર્કલથી ડોમેસ્ટીક ટર્મીનલ તરફ તેમજ
૨) ટર્મીનલ-૪ સરદાર પટેલ સ્ટેચ્યુથી ડોમેસ્ટીક ટર્મીનલ તથા ટર્મીનલ-૪, અને
૩) ડોમેસ્ટીક ટર્મીનલ / ડીપાર્ચર તેમજ એરાઇવલ
૪) ટર્મીનલ-૨ આંતરરાષ્ટ્રીય ટર્મીનલ ડીપાર્ચર અને એરાઇવલ, અને
૫) ગુજસેઇલ કોમ્પલેક્ષ તેમજ ડોમેસ્ટીક કાર્ગો, ટર્મીનલ નંબર ૩ તરફ જતા અને આવતા તમામ રસ્તાઓ નો-પાર્કિંગ ઝોન
૬) ડોમેસ્ટીક ટર્મીનલ તથા આંતરરાષ્ટ્રીય ટર્મીનલ તથા ટર્મીનલ-૦૩ તથા ૪ ના સીટી સાઇડ પેસેજમાં વધુમાં વધું ૩-મીનીટ માટે વાહન થોભાવી પેસેન્જરો/સામાન ને ચડાવી/ઉતારી શકાશે પરંતુ કોઇપણ સંજોગોમાં વાહન પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સસેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૭/૦૮/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૦૬/૦૮/૨૦૧૬
અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

(33)

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૮૭૨/૨૦૧૬
તા.૧૪/૦૩/૨૦૧૬

હું, શિવાનંદ ઝા **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ "વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઈન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની સુરક્ષાને ધ્યાનમાં લઈ તેની આજુબાજુના વિસ્તાર/રસ્તાઓને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં ભુતકાળમાં થયેલ આંતકવાદી હુમલાઓમાં ઉપયોગમાં લેવાયેલ હુમલાની પદ્ધતિઓમાં ટાર્ગેટની આજુબાજુના વિસ્તારમાં સાયકલ, મોટર સાયકલ, સ્કુટર, ફોર વ્હીલ વાહનો વિગેરેમાં બોમ્બ લગાવી આવા વાહનો ટાર્ગેટની નજીકમાં બિનવારસી હાલતમાં પાર્ક કરી દેવામાં આવતા હોય છે. આ બાબત સુરક્ષાની દ્રષ્ટીએ ખુબ જ જોખમરૂપ હોઈ અમદાવાદ શહેરમાં આવેલ નીચે જણાવેલ "વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઈન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની આસપાસ આવેલ તેની નીચે જણાવેલ આજુબાજુના દર્શાવેલ વિસ્તાર/રસ્તાઓ **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

(૧) **પાલડી ખાતે આવેલ વિશ્વ હિન્દુ પરિષદ (V.H.P.) કાર્યાલય :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

a. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ વચ્ચે ચાર રસ્તાથી એ.વી.કોમ્પલેક્ષ ચાર રસ્તા સુધીનો રોડ,૯ મહાલક્ષ્મી સોસાયટીના બંગલાના મુખ્ય રોડના છેડા સુધી

b. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ ચાર રસ્તાથી અનીસા એપાર્ટમેન્ટ "ટી" સુધી

c. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી શિવાલીક-૫ ના ખુણા સુધી

d. **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી સાલવલ એપાર્ટમેન્ટના ખુણા સુધી

(૨) **R.S.S. કાર્યાલય ડૉ. હેગડેવાર ભુવન,જુના ઢોર બજાર, મણિનગર, અમદાવાદ શહેર :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

ગોરધનનગર સોસાયટીના મકાન નંબર ૧૦/બી થી મકાન નંબર ૧૫/બી થઈ ગોરધનનગર સોસાયટીના મુખ્યગેટ સુધીનો રોડ તથા ગોરધનનગર સોસાયટી મુખ્યગેટથી બળીયાકાકાની ચાલી સુધીનો રોડ. (બળીયાકાકા માર્ગ ઉપર)

(૩) **યુ.એસ. વિઝા ફેસીલીટેશન સર્વિસ સેન્ટર, ગુજરાત ચેમ્બર્સ બિલ્ડીંગ, શ્રી અંબિકા મીલ્સ, આશ્રમ રોડ, એલીસબ્રીજ, અમદાવાદ શહેર :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

રત્ના બિઝનેશ સ્કેવર આશ્રમ રોડ સામેથી પેલીકન બિલ્ડીંગની દિવાલ પાસે થઈ ગુજરાત અર્બન કો.ઓ.બેન્ક ફેડરેશન સુધીનો રસ્તો.

(૪) **Consulat General De France A Bombay**, B/S, Food Corporation of India, Himali Tower Lane, Manekbaug Shyamlal Cross Road, Satellite, Ahmedabad.

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

માણેકબાગ આંગન એપાર્ટમેન્ટના ગેટ સામેથી ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા રીજનલ ઓફીસ થી સોનેટ એપાર્ટમેન્ટ થઈ અલીઓન્ઝ ફેન્કોઈઝના સામે થઈ આલાપ-૩ ના ગેટ સુધીનો રસ્તો.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૫/૦૩/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૪/૦૩/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૪/૦૩/૨૦૧૬
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ધી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :-

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર PRO
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

(34)

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરન હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૭૬૬/૨૦૧૬

તા. ૧૪/૭/૨૦૧૬

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નારોલ સર્કલથી તેની ચારે તરફ જતાં મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં નારોલ સર્કલથી તેની ચારેય તરફ જતાં મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડની બન્ને બાજુ અસંખ્ય રોડ ટ્રાન્સપોર્ટ ઓપરેટર, ટ્રાન્સપોર્ટ નગર, જુદા જુદા વાહનોના શો રુમ તથા સ્ટીક યાર્ડ વિગેરે આવેલ છે. આવા ટ્રાન્સપોર્ટ ઓપરેટરો દ્વારા છેલ્લાં ઘણા સમયથી પોતાના વાહનો મુખ્ય માર્ગો તથા સર્વિસ રોડ ઉપર પાર્ક કરીને દબાણ ઉભા કરવામાં આવે છે. જેના કારણે આ માર્ગો પહોળા હોવા છતાં રસ્તા ઉપરના ગેરકાયદેસર પાર્કિંગને કારણે સામાન્ય પ્રજા તથા રસ્તાના ઉપયોગ કરતાં (Road Users) ને ટ્રાફીક જામની સમસ્યાનો સામનો કરવો પડે છે. જેથી ટ્રાફીકની આ સમસ્યા નિવારવા અને ટ્રાફીક સરળતાથી પસાર થઈ શકે તે માટે નીચે મુજબના મુખ્ય માર્ગો તથા તેને આનુશાંગિક સર્વિસ રોડ સુધીના રોડને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

(૧) નારોલ સર્કલ થી નરોડા પાટીયા સુધીનો સમગ્ર રોડ
(૨) નારોલ સર્કલ થી શાસ્ત્રીબ્રીજ સુધીનો સમગ્ર રોડ
(૩) નારોલ સર્કલ થી અસલાલી સુધીનો રોડ
(૪) નારોલ સર્કલ થી ચંડોળા તળાવ દાણીલીમડા પોલીસ ચોકી સુધીનો સમગ્ર રોડ

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૪/૭/૨૦૧૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૪/૭/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૪/૭/૨૦૧૬
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :-

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે.વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(35)

વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૭૫/૨૦૧૬ તા.૧૩/૦૪/૨૦૧૬
(૨) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૭૮/૨૦૧૬ તા.૨૦/૦૪/૨૦૧૬
(૩) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૮૦/૨૦૧૬ તા.૨૧/૦૫/૨૦૧૬
(૪) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૯૦/૨૦૧૬ તા.૨૬/૦૮/૨૦૧૬
(૫) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૫૧૦/૨૦૧૬ તા.૨૬/૧૨/૨૦૧૬

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/ ૩૭ /૨૦૧૭
તા.૨૩/૧૨/૨૦૧૭

હું, એ.કે.સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરમાં આવેલ ઇસ્કોન ચાર રસ્તા પર ટ્રાફીક સરળતાથી ચાલે તે માટે ઇસ્કોન ચાર રસ્તા આસપાસના સર્વિસ રોડનેં કાયમી ધોરણે "વન-વે" જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આવેલ ઇસ્કોન ચાર રસ્તા ખાતે સર્વિસ રોડ ઉપર મુખ્ય રોડની વિરુદ્ધ દિશામાં ઘણો ટ્રાફીક પસાર થાય છે. જે વાહનો ઇસ્કોન ચાર રસ્તાથી પસાર થઇ મુખ્ય રોડ પરના ટ્રાફીકથી વિરુદ્ધ દિશામાં સર્વિસ રોડ પર જાય છે. સર્વિસ રોડની પહોળાઇ મુખ્ય રોડ કરતાં ઓછી હોવાથી જંકશન ક્રોસ કરીને સર્વિસ રોડ ઉપર જવાનો પ્રયત્ન કરવાના કારણે મુખ્ય જંકશન પરનો ટ્રાફીકનો પ્રવાહ અટકે છે. જો ઇસ્કોન જંકશન આસપાસના સર્વિસ રોડને જો પીક અવર્સ દરમ્યાન વન-વે જાહેર કરવામાં આવે તો ટ્રાફીકની આ સમસ્યાનું નિરાકરણ અને ટ્રાફીક ઘણો સરળતાથી પસાર થઇ શકે તેમ છે. આથી નીચે જણાવેલ સર્વિસ રોડને સવારના કલાક ૦૯.૦૦ થી ૧૧.૦૦ સુધી અને તેમજ સાંજના કલાક ૧૭.૦૦ થી ૨૧.૦૦ સુધી પીક અવર્સ દરમ્યાન જણાવેલ દિશામાં કાયમી ધોરણે "વન વે" જાહેર કરવામાં આવે છે.

(૧) <u>વાઇઝ મેન હાઉસ થી કાર પ્લસ થઇ એસ્ટ્રોન સ્ક્વેર સુધીનો સર્વિસ રોડ</u> :

- વાઇઝ મેન હાઉસથી કાર પ્લસ થઇ બાલેશ્વર સ્ક્વેરથી એસ્ટ્રોન સ્ક્વેર સુધી જઇ શકાશે પરંતુ એસ્ટ્રોન સ્ક્વેરથી હૈદ્રાબાદી બિરયાની કટ તરફ વિરુદ્ધ દિશામાં જઇ શકાશે નહી.

(૨) <u>ઇસ્કોન ચાર રસ્તા ક્રોમા ઇલેક્ટ્રોનિક્સથી દેવ આર્કેડ મોલ થઇ વાઇડ એન્ગલ થઇ પંચરત્ન પાર્ટી પ્લોટ સુધીનો સર્વિસ રોડ</u> :

- ઇસ્કોન ચાર રસ્તા ક્રોમા ઇલેક્ટ્રોનિક્સથી દેવ આર્કેડ મોલ થઇ વાઇડ એન્ગલ થઇ પંચરત્ન પાર્ટી પ્લોટ સુધી જઇ શકાશે પરંતુ વિરુદ્ધ દિશામાં જઇ શકાશે નહી.
- પંચરત્ન પાર્ટી પ્લોટથી ક્રોમા ઇલેક્ટ્રોનિક્સ તરફ જઇ શકાશે નહી.

(૩) <u>ઇસ્કોન ચાર રસ્તા એશ્વર્યા લાઇફ સ્ટાઇલથી ઇસ્કોન મંદીર થઇ ઇસ્કોન મોલ થઇ ડેકોર સ્ટોર થઇ રાજપથ પાર્ટી પ્લોટ કટ સુધીનો સર્વિસ રોડ</u> :

- ઇસ્કોન ચાર રસ્તા એશ્વર્યા લાઇફ સ્ટાઇલથી ઇસ્કોન મંદીર થઇ ઇસ્કોન મોલ થઇ ડેકોર સ્ટોર થઇ રાજપથ પાર્ટી પ્લોટ કટ સુધી જઇ શકાશે પરંતુ વિરૂદ્ધ દિશામાં જઇ શકાશે નહી.
- રાજપથ પાર્ટી પ્લોટ કટથી એશ્વર્યા લાઇફ સ્ટાઇલ તરફ જઇ શકાશે નહી.

(૪) <u>પકવાન ડાઇનીંગ હોલથી એશિયન બેરીયાટ્રીક્સ થઇ હૈદ્રાબાદી બિરયાની કટ સુધીનો સર્વિસ રોડ:</u>

- પકવાન ડાઇનીંગ હોલથી એશિયન બેરીયાટ્રીક્સ થઇ હૈદ્રાબાદી બિરયાની કટ તરફ આવી શકાશે પરંતુ વિરૂદ્ધ દિશામાં હૈદ્રાબાદી બિરયાની કટથી પકવાન ડાઇનિંગ હોલ તરફ જઇ શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ ૦૧/૦૧/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧૨/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૩/૧૨/૨૦૧૭
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ધી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ ગ/ઉપક/ટ્રાફીક/૦૬/૨૦૧૮, તા. ૧૧/૦૧/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં અડચણરૂપ તેમજ ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, તેના નિરાકરણ માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં અડચણરૂપ પાર્કીંગ અને ગેરકાયદેસર પાર્કીંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. બેઝમેન્ટ,સેલર,ટેરેસ, પાર્કિંગ જેવી કોમન જગ્યા કોઈપણ વ્યકિત દ્વારા અન્ય વ્યકિતને વેચાણ કરી શકાય નહી તથા વ્યકિતગત વપરાશ માટેનો કરાર પણ કરી શકાય નહી જે બાબત નામદાર સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નંબર-૨૫૪૪/૨૦૧૦ ના જજમેન્ટમાં પણ જણાવેલ છે. અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ કોઈપણ બિલ્ડીંગના બેઝમેન્ટ,સેલર,ટેરેશ,કોમન જગ્યા કે જે વાહનોના પાર્કીંગ કે અન્ય ઉપયોગ માટે રાખવામાં આવેલ છે. તે જગ્યાઓમાં ફોર વ્હીલર, ટુ વ્હીલર, થ્રી-વ્હીલર વિગેરે પ્રકારના જુના તથા નવા વાહનોની લે-વેચ કરતાં વેપારીઓ તેઓના માલીકીના શો-રૂમમાં ડીસપ્લેમાં થોડા વાહનો મુકી બાકીના વાહનો ઉપરોકત પ્રમાણેની કોમન જગ્યામાં મુકે છે. તદ્ઉપરાંત ટુ-વ્હીલર,ફોર વ્હીલર,થ્રી-વ્હીલર રીપેરીંગ કરવાવાળા, ગેરેજોવાળા અને વાહનોમાં એસેસરીઝ ફીટીંગ કરવાવાળા વેપારીઓ પણ આવી કોમન જગ્યાઓ જે જાહેર જનતાના રોજબરોજના પાર્કીંગ માટે રાખવામા આવેલ હોય તે જગ્યા તેઓ વેપાર ધંધા અર્થે આર્થિક ફાયદા સારૂ ગોડાઉન તરીકે તથા વ્યકિતગત વ્યાવસાયિક વપરાશની મિલ્કત તરીકે ઉપયોગ કરે છે. વિવિધ રેસ્ટોરંટ દ્વારા પણ ખુરશી-ટેબલની બેઠક વ્યવસ્થા તથા કેટલીકવાર કિચનની તથા અન્ય વ્યવસ્થા પણ કોમન પ્લેસમાં કરવામાં આવે છે. વિવિધ મોલ, શોપિંગ કોમ્પલેક્ષમાં અમુક દિવસોએ પાર્કિંગની જગ્યામાં એક્ઝીબિશનનાં સ્ટોલ ઉભા કરવામાં આવે છે. ઉપરોકત તમામના કારણે આવા શોપિંગ કોમ્પલેક્ષ/મોલની મુલાકાતે આવતા લોકોને ફરજીયાતપણે પોતાના વાહનો ટ્રાફિકને અડચણરૂપ રોડ પર પાર્કિંગ કરવા પડે છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે.

જેથી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ બેઝમેન્ટ તથા પાર્કિંગ જેવી કોઈપણ કોમન જગ્યાનો કોઈપણ વ્યકિત વ્યકિતગત વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

આ જાહેરનામું તા. ૧૧/૦૧/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી અમલમા મૂકવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૧/૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૧૧/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અંમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(37)

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ કમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૮ /૨૦૧૮, તા. ૧૭/૦૨/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ચાર રસ્તાઓની પાસે અડચણરૂપ તેમજ ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, તેના નિરાકરણ માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં ચાર રસ્તા પાસે અડચણરૂપ પાર્કીંગ અને ગેરકાયદેસર પાર્કીંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તદઉપરાંત ચાર રસ્તાઓની પાસે મૂકવામાં આવેલ રીક્ષા-ટેક્ષી સ્ટેન્ડોના કારણે પણ ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. તેમજ ઘણીવાર ચાર રસ્તાઓની પાસે પેસેન્જર વાહનો પેસેન્જર ચઢાવવા કે ઉતારવા માટે ઉભા રહેતા હોય છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે.

જેથી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૫૦-મીટર સુધીના વિસ્તારને **"નો-પાર્કિંગ ઝોન"** તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી કોઇપણ પ્રકારના યાંત્રિક વાહનો ચાર રસ્તાઓ તથા જંકશનથી ૫૦-મીટર સુધીના વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે પણ ઉભા રાખી શકાશે નહી. આ સબંધે અગાઉ પ્રસિદ્ધ થયેલ જાહેરનામાઓમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પે એન્ડ પાર્કિંગ આપેલ હોય તે સિવાય તમામ ચાર રસ્તા/જંકશનથી ૫૦-મીટર સુધી પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામું તા.૧૮/૦૨/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી અમલમા મૂકવામાં આવે છે.

આ જાહેરનામું ઈમરજન્સી સેવાઓના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાને અનુલક્ષી જરુરી માહિતી સૂચક બોર્ડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તત્કાલ મૂકવાના રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૭/૦૨/૨૦૧૮
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અ.મ્યુ.કો., સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(38)

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૯ /૨૦૧૮,
તા.૧૭ /૧૨/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં કાલુપુર તથા કારંજ વિસ્તારમાં આવેલ ત્રણ દરવાજા થી શહેરકોટડા ટી સુધીના માર્ગ પર ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં ત્રણ દરવાજાથી શહેરકોટડા ટી સુધીના માર્ગ પર ઇલેક્ટ્રીક, કાપડ તથા સોનાચાદીના બજારો આવેલા છે. જે માર્ગો પર મોટા પ્રમાણમાં વેપારી તથા ગ્રાહક વર્ગોની અવર-જવર રહેતી હોય છે. જેના કારણે આ જગ્યાની મુલાકાતે પોતાના વાહનો લઇને આવતા મુલાકાતીઓ તથા વેપારીવર્ગોને જાહેરમાર્ગ ઉપર વાહન પાર્કિંગ કરવાની ફરજ પડે છે. સદર માર્ગ હેરીટેજ વિસ્તારમાં આવતો હોય જેના કારણે આજુબાજુ કે નજીકમાં કોઇપણ સ્થળે વાહન પાર્કિંગની સુવિધા આવેલ ન હોય જેથી ત્રણ દરવાજા થી શહેરકોટડા ટી સુધીના માર્ગ પર નીચે જણાવ્યા મુજબની રીતે વાહન પાર્ક કરવાના રહેશે.

- ત્રણ દરવાજાથી માણેકચોક કુવારા સુધીના રોડ પર રોડની બન્ને બાજુ ટુ-વ્હીલર વાહનો પાર્ક કરવાના રહેશે.
- માણેકચોક કુવારાથી ખાડીયા ચાર રસ્તા સુધી તારીખ પ્રમાણે એકી-બેકીમાં વાહન પાર્કિંગ કરવાના રહેશે. મહિનાની એકી તારીખે માણેકચોક કુવારાથી ખાડીયા ચાર રસ્તા તરફ જતા રોડની ડાબી બાજુ તથા મહિનાની બેકી તારીખે માણેકચોક કુવારાથી ખાડીયા ચાર રસ્તા તરફ જતા રોડની જમણી બાજુ ટુ-વ્હીલર વાહનો પાર્ક કરવાના રહેશે.
- ખાડીયા ચાર રસ્તા થી શહેરકોટડા ટી સુધીના રોડની બન્ને બાજુ ટુ-વ્હીલર વાહનો પાર્ક કરવાના રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૮ /૧૧/૨૦૧૮ ના કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭ /૧૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૧૭/ ૧૨/૨૦૧૮
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ,વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરશ્રીની કચેરી, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી,ઘી–કાંટા, અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો.,દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(39)

વંચાણે લીધા : પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/૪૪૩/૨૦૧૫, તા.૨૨/૭/૧૫

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/૪૪ /૨૦૧૮

તા. ૬/૧૨/૨૦૧૮

અમદાવાદ શહેરમાં જાહેર પરિવહન વ્યવસ્થા ઉપરાંત મોટી સંખ્યામાં ઓટો રીક્ષા પેસેન્જર હેરાફેરીમાં પ્રવૃત છે. અમદાવાદના મેટ્રોસીટી સ્વરૂપે થઇ રહેલ વિકાસને અનુલક્ષી અગાઉ મંજૂર કરેલ રીક્ષા સ્ટેન્ડના લોકેશનમાં આંશિક ફેરફાર કરવા તેમજ નવા વિકસિત વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ ફાળવવા જરૂરી બનેલ છે. સ્થાનિક રહીશોને તેમજ મુસાફરોને ઓટો રીક્ષા કયા સ્થળેથી મળી શકશે તે માહિતી સુનિશ્ચિત કરવા મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની તમામ જોગવાઇના પાલન સાથે ઓટોરીક્ષામાં પેસેન્જર હેરાફેરી કરનારને પોતાના ધંધા રોજગાર માટે રીક્ષા ઉભી રાખવા સ્થળ નક્કી કરી આપવા અને કાયદાની જોગવાઇનું ઉલ્લંઘન કરી મનસ્વીપણે ગમે તે સ્થળે કે માર્ગ વિનિમયના નિયમોની અવગણના કરી રોડ જંકશનોના ખુણા પર વાહન વ્યવહારને અડચણ–અવરોધરૂપ રીક્ષાઓ પાર્ક કરી કે ઉભી કરી દઇ અવ્યવસ્થા ઉભા કરતાં રીક્ષાચાલકોને નિયત્રિત કરવા એમ ત્રણેય બાબતો તેમજ ટ્રાફિક નિયમન સુચારુ રીતે થાય અને આમ જનતાની સુવિધાઓને ઉપલબ્ધ કરાવવાની બાબત ધ્યાન પર લઇ રીક્ષા સ્ટેન્ડ બાબતે નિર્ણય લેવો અનિવાર્ય જણાય છે. જેથી અગાઉ જાહેર થયેલ રીક્ષા સ્ટેન્ડોની વિગત વિવિધ રીક્ષા એસોશિયેશન દ્વારા રીક્ષા સ્ટેન્ડની માંગણી, ટ્રાફિક અને જાહેર પરિવહન વ્યવસ્થાને અડચણરૂપ સ્થળો વિગેરે બાબત ધ્યાને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ટ્રાફિક પોલીસ, સ્થાનિક પોલીસ વિગેરે સાથે વિગતવાર ચર્ચા બાદ સમગ્ર શહેર માટે ઓટો રીક્ષા સ્ટેન્ડો નક્કી કરવામાં આવ્યા છે. રીક્ષા સ્ટેન્ડ ફાળવણી સાથે રીક્ષાચાલકો દ્વારા અડચણરૂપ પાર્કીંગ અને ટ્રાફિકના નિયમોના ભંગ સાથે ટ્રાફિકમાં અવરોધરૂપ વર્તણૂક નિયત કરવી જરૂરી હોઇ આ બાબતે નીચે દર્શાવેલ હુકમ જારી કરવામાં આવે છે.

હુકમ :–

આથી હું, એ.કે.સિંઘ **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નાગરિકોને પેસેન્જર રીક્ષા નિયત સ્થળેથી મળી રહે, પેસેન્જર ઓટોરીક્ષાના ચાલકો પોતાની રીક્ષા મનસ્વીરીતે આડેધડ પાર્કીંગ કરી કે ઉભી રાખી વાહન વ્યવહારને અડચણરૂપ–અવરોધરૂપ વર્તણૂક ન કરે અને તેમના માટે નિયત કરેલ જગ્યાએ જ રીક્ષા ઉભી રાખી પેસેન્જર મેળવી રોજગાર મેળવી શકે તે સારું શહેરમાં મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની તમામ જોગવાઇઓનું પાલન કરી પેસેન્જર હેરાફેરી કરતી ઓટોરીક્ષાઓ માટે નીચે નિર્દીષ્ટ સ્થળોએ તેની સામે દર્શાવેલ સંખ્યામાં ઓટોરીક્ષા માટે સ્ટેન્ડ જાહેર કરવામાં આવે છે. શહેરમાં જાહેર માર્ગ ઉપર ઓટોરિક્ષા પાર્કિંગ માટે નિયત કરેલી જગ્યાઓ સિવાય પાર્કીંગ કરવા પર પ્રતિબંધ જાહેર કરું છું.

અ.નં.	અ.નં/પોસ્ટ/ સ્ટેન્ડની સંખ્યા	નિયારીત ઓટો રીક્ષાસ્ટેન્ડની ચોક્કસ જગ્યાનુ નામ	નિયારીત ઓટોરીક્ષા સ્ટેન્ડના અંદાજીત અક્ષાંશ–રેખાંશ	નિયારિત ઓટો રિક્ષા સ્ટેન્ડનો સ્થાનિક તથા ટ્રાફિક પોલીસ સ્ટેશન વિસ્તાર		નિયારિત ઓટોરિક્ષા સ્ટેન્ડ પર પાર્કિંગ માટે નક્કી કરેલ રીક્ષાની સંખ્યા
				સ્થાનિક પોસ્ટે	ટ્રાફીક પોસ્ટે	
1.	1/A/10	થલતેજ, NFD સર્કલ થી સંજીવની હોસ્પીટલ તરફ જતા, સારથી હોટલની સામે, ખુલ્લા મેદાનના ગેટ પાસે	23.0430 72.5229	વસ્ત્રાપુર	A	10

કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૬/૧૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા. ૬/૧૨/૨૦૧૮
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય,ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.,પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી,સુભાષબ્રીજ સર્કલ પાસે,અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી નામ.ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ શહેર
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

વંચાણે લીધા : પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના તા.૨૯/૧૧/૨૦૦૫ ના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/૧૭૯/૨૦૦૫ અન્વયે

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/ ૬૬ /૨૦૧૯,
તા. ૨૭ / ૫/૨૦૧૯

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (ખ) (ગ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેર માર્ગ સલામતીના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

સમગ્ર અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં ઢોર માટે રસ્તા પર ઘાસચારો વેચતા ઈસમો અને રસ્તા પર રખડતાં ઢોર જે લોકોના સ્વાસ્થ્ય અને જાહેર માર્ગ સલામતિને ભયરૂપ હોય જેથી માર્ગ અકસ્માત નિવારવા અને આમજનતાની સલામતિના હેતુસર અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમતના સમગ્ર વિસ્તારમાં જાહેરમાર્ગ, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૨૮ /૦૫/૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭/૦૫/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૭/૦૫/૨૦૧૯
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ,વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરશ્રીની કચેરી, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઈકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી,ઘી-કાંટા, અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો.,દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(41)

જાહેરનામું

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/ ૧૬ /૨૦૧૯,
તા. ૧૧ /૭ /૨૦૧૯

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેર માર્ગ સલામતીના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યકિતઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરોની પ્રવૃત્તિને કાબુમાં લઈ માર્ગ અકસ્માત નિવારવા સારુ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરોના (ગાય,ભેસ વિગેરે ઢોર) માલિક, ગોપાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી દિન-૬૦ માં પોતાની માલિકાના તમામ ઢોરોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરોનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવાનું રહેશે.

તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય તો એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઇરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મયુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે. એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧૨ /૦૭/૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૧ /૦૭/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૧૧/૦૭/૨૦૧૯
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ,વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરશ્રીની કચેરી, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી,ઘી-કાંટા, અમદાવાદ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો.,દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :-

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(42)

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૨૮ /૨૦૧૯
તા. ૨૧/૧૨/૨૦૧૯

હું, આશીષ ભાટિયા,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧)(બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં સરદાર પટેલ રીંગ રોડ ઉપરના નીચે નિર્દીષ્ટ કરેલ વિસ્તારને 'નો–પાર્કિંગ ઝોન' જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

હુકમ :–

અમદાવાદ શહેરમાં આવેલ ખારીકટ કેનાલમાં ગેરકાયદેસર જ્વલંનશીલ કેમિકલ્સ કે તેના જેવા પદાર્થનું જાહેરમાં નિકાલ કરવાની પ્રવૃત્તિથી પ્રદુષણ ફેલાય છે. જેને રોકવા માટે કેમિકલ્સ કે અન્ય જ્વલનશીલ પદાર્થો ભરેલા વાહન તેમજ તેનું પરિવહન કરતા વાહનો સરદાર પટેલ રીંગ રોડ ઉપરના નીચે જણાવેલ વિસ્તારમાં પાર્ક કરી શકશે નહી.

<u>પ્રતિબંધિત 'નો–પાર્કિંગ ઝોન' વિસ્તાર :</u>

- રામોલ ટોલ પ્લાઝાથી પેરેડાઇઝ પાર્ક (વિઝેલ STP પાસે), રીંગ રોડ ઉપરનો રોડ અને તેની બન્ને બાજુમાં ૧૦૦–મીટર વિસ્તાર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૨/૧૨/૧૯ ના કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૧૨/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૧/૧૨/૨૦૧૯
અમદાવાદ શહેર

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર

૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

(૧૦) સભ્ય સચિવશ્રી, ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડ, પર્યાવરણ ભવન, સેક્ટર–૧૦ (એ), ગાંધીનગર– ૩૮૨ ૦૧૦

નકલ રવાના :–

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ

(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર

૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

વંચાણે લીધા :

૧. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/૧૯૬/૨૦૦૬, તા.૨૭/૯/૨૦૦૬ તથા

૨. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૭/૨૦૧૯, તા.૧૨/૮/૨૦૧૯ તથા

૩. ગુજરાત સરકારશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર નાઓના તા.૧૨/૯/૨૦૧૯ ના જાહેરનામા નં. PT/2019/11/MVD/102014/165/KH અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૫/૨૦૨૧,તા.૨૫/૩/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મોટર વ્હીકલ એક્ટ,૧૯૮૮ ની કલમ ૧૧૨ (૨) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશનર ક્ષેત્રાધિકારમાં આવેલા એક્સપ્રેસ–વે, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે તથા શહેરમાંના અન્ય માર્ગ ઉપર પસાર થતાં વાહનો દ્વારા માર્ગ અકસ્માત ઘટાડવા અને વધારે ગતીવાળા વાહનોના અકસ્માતથી થતી ઈજા–નુકશાનની માત્રા ઘટાડી માર્ગ–સલામતી સ્તરમાં સુધારણા સાથે રાહદારી અને મુસાફરી કરતાં નાગરીકો સહીત જાહેર જનતાને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર વાહનોની ગતી–મર્યાદા સંબંધે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :–

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના માર્ગો ઉપરથી પસાર થતા વાહન ચાલકોએ નીચે મુજબની રીતે વાહનોના પ્રકાર પ્રમાણે તેની સામે દર્શાવેલ ગતિ–મર્યાદા (કિલોમીટર/કલાક) નો અમલ કરવાનો રહેશે.

No.	Class of Motor Vehicles	Express Way with excess control	4 lane and above divided (including National & State Highway) carriageway (roads with median strips /Drivers)	State Highway (other than those at Column D)	Road within municipal Limits	Main District Road	Other District Road	Village Road
I	II	III	IV	V	VI	VII	VIII	IX
1	Motor Vehicles used for carriage of passengers comprising not more than eight seats in addition to the driver's seat (M1 Category Vehicles)	120	100	80	70	65	60	50
2	Motor Vehicles used for carriage of passengers nine or more seats in addition to the	100	90	75	60	60	60	50

	driver's seat (M3 category vehicles)							
3A	Motor vehicles used for carriage of goods (All N category Vehicles)	80	80	70	60	60	50	40
3B	Tractor	40	40	40	30	30	30	30
4	Motor Cycles							
	(A) > 100 CC	80	80	70	60	60	60	50
	(B) < 100 CC	-	60	60	50	50	50	40
5	Quadricycle							
	(A) Passengers	-	60	60	50	50	40	40
	(B) Non Passengers	-	50	50	40	50	40	40
6	Three-Wheelers vehicles	-	50	50	40	40	35	30

આ જાહેરનામાની જોગવાઈ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, મેડીકલ ઈર્મજન્સી સંલગ્ન વાહનો, પોલીસ સુરક્ષામાં કોન્વોય પ્રવાસરૂપે કરી રહેલ સુરક્ષીત મહાનુભાવોના વાહનો, ફાયરફાયટર, ઈર્મજન્સી સર્વિસમાં રોકાયેલ પોલીસ– વહીવટીતંત્રના વાહનોને લાગુ પડશે નહી.

આ આદેશનું ઉલ્લંઘન કરનાર મોટર વ્હીકલ એકટ–૧૯૮૮ કલમ–૧૮૩ (૧),(૨) ,૧૮૪ અને IPC–૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ મોટર વ્હીકલ એક્ટ,૧૯૮૮ ની કલમ ૧૧૨ (૨) ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૫/૩/૨૦૨૧ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૫/૩/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા. ૨૫/૩/૨૦૨૧
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :–

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ..... અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)

જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૮/૨૦૨૧,
તા. ૨૨/૪/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ, **IPS**, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (એન) તથા ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ–૨૦૧ ની સત્તા અન્વયે અમદાવાદ શહેર એ–ટ્રાફિક પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક પોલ્યુશન તથા અવાજના ઘોંઘાટને નિયંત્રણ કરી નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :–

અમદાવાદ શહેરમાં જજીસ બંગલા ચાર રસ્તા આસપાસ આવેલ સ્નેહ હોસ્પીટલ, રક્ષા હોસ્પીટલ, હેલ્થ ક્લિનીકમાં આવતા દર્દીઓને, મોન્ટેસરી સ્કુલ (નર્સરી) માં અભ્યાસ કરતા બાળકોને આજુબાજુના ટ્રાફિક પોલ્યુશન તથા અવાજના ઘોંઘાટને કારણે પડતી અગવડતાને નિયંત્રણ કરવા માટે નીચે જણાવેલ વિસ્તારને **'શાંત વિસ્તાર'** જાહેર કરવામાં આવે છે. જેથી તમામ વાહન ચાલકોએ આ જગ્યાએ હોર્ન વગાડવા નહી કે ઘોંઘાટ કરવો નહી, જે પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

હોર્ન વગાડવા કે ઘોંઘાટ કરવા પર પ્રતિબંધ ફરમાવતો વિસ્તાર :

૧. જજીસ બંગ્લોઝ ચાર રસ્તાથી આકાશ ટાવર સુધીના રસ્તા પર જેની બન્ને બાજુ ૩૮૦– મીટર લંબાઇ.
૨. જજીસ બંગલા નં.૨૬ થી હિમાદ્રી એપાર્ટમેન્ટ સુધીના રસ્તા પર જેની બન્ને બાજુ ૧૬૦–મીટર લંબાઇ.

અપવાદ : આ જાહેરનામું ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર–જવર કરનારને લાગું પડશે નહી.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૩/૪/૨૦૨૧ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૨/૪/૨૦૨૧ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૨/૪/૨૦૨૧
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.

વંચાણે લીધા :

૧. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

૨. પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧

હું, સંજય શ્રીવાસ્તવ,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઈ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતા માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરીકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :–

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યક્તિઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરોની પ્રવૃત્તિને કાબુમાં લઈ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

